ગાંધીનગર સમાચાર

'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી' ફિલ્મના અભિનેતાઓ આજે ગાંધીનગરમાં

## @ગાંધીનગર

● શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા ગુરુવારના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્વ. હિરાભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે પાદૂકા પૂજન, દત્તબાવની બાવન પાઠ અને રૂકમામ્બા સપ્તશતી પાઠ સઈજ ગામ સ્થિત સિધ્ધનાથ મહાદેવના દત્તબાવની હોલ ખાતે યોજાશે.

### સ્પર્ધાત્મક પરીક્ષા માટે સેમિનાર

ગાંધીનગર, તા.૧૩

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા સમાજના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન સેમિનાર યોજવામાં આવનાર છે. આ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સેકટર-૬, રોહિદાસ સેવા સમાજ કાર્યાલયના ફોન નં. ૦૭૯-૨૩૨૩૮૫૦૭ ઉપર સવારના ૧૧.૦૦થી ૨.૦૦ કલાક દરમિયાન સંપર્ક કરી નોંધણી કરાવવા સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

### પ્રણવ શુકલ એક્ષચેન્જ મીટમાં બેલ્જીયમ જશે

રોટરી કલબ ઈન્ટરનેશનલ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત વીપીએમપી પોલીટેકનીકના ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી પ્રણવ ચૈતન્યભાઈ શુકલ જુલાઈ માસ દરમિયાન બેલ્જીયમ ખાતે ઈન્ટરનેશનલ અક્ષચેન્જ મીટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે જે વીપીએમપી પોલીટેકનીકનું ગૌરવ છે જે બદલ સંસ્થાએ તેઓને અભિનંદન પાઠવ્યા છે.





વિકાસની વાતો અને વિકાસમાં ઘણો ફરક હોય છે એ બાબતની સાબિતી આ તસવીર આપે છે. આ તસવીર ગાંધીનગરની - સૉરી - ન્યૂ ગાંધીનગરની છે. કુડાસણમાં સ્વાગત રેઈનફોરેસ્ટથી માંડીને રાધે રેસીડેન્સી સુધીના સર્વિસ રોડ ઉપર ફેલાયેલી અસહ્ય ગંદકી છેલ્લા કેટલાય સમયથી સફાઈની રાહ જોઈ રહી છે અને સફાઈ ન થતાં પોતાના કદમાં વધારો કરી રહી છે. તંત્ર સફાઈ કરવામાં નબળું છે, પરંતુ સફાઈના અભાવે જ્યારે રોગચાળો માથું ઊંચકે ત્યારે બૂમાબૂમ કરવામાં પાવરધું છે. પરંતુ, રોગચાળો ફેલાય એ પછી બૂમાબૂમ કરવી એના કરતાં રોગચાળો થાય જ નહીં એમ કરવું વધારે સલાહભર્યું ને સલામત છે. ન્યૂ ગાંધીનગરમાં હાલત એ છે કે કૂદકે ને ભૂસકે બિલ્ડીંગ્સ વધી રહી છે, કૉમર્શિયલાઈઝેશન વધી રહ્યું છે, પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે સુવિધાઓ નથી વધી રહી. આ તસવીર જે રોડની છે તે રોડ ઉપર દિવસના ભાગે નીકળવું પણ દોહ્યલું બની જાય એટલો ટ્રાફિક જામ થઈ જાય છે. અહીં લોકોમાં એટલી શિસ્ત કે સમર્પણ નથી કે તેઓ જાતે પોતાની જાહેર સમસ્યાઓનું સમાધાન લાવી શકે અને તેમ છતાં લોકો પણ જ્યારે આ અગવડો હદ બહાર જાય ત્યારે બૂમો પાડવામાં પાવરધા સાબિત થાય છે. મતલબ કે આ વિષયમાં કંઈ કરવાનું હોય તો તે તંત્રએ જ કરવાનું છે. જેમ ગાંધીનગર શહેરમાં વૉટ્સઍપના માધ્યમથી તસવીરો સ્વીકારીને દબાણ દૂર કરવાનો ચાલ ઊભો થયો છે, એમ ગંદકી માટે ન થઈ શકે ? ગંદકી દૂર કરવા માટે વ્યવસ્થાતંત્ર તો ગોઠવાયેલું જ છે, જરૂર છે માત્ર સક્રિય થવાની. એ ન કરી શકાયું તો બૂમો પાડવા ને સાંભળવા તૈયાર રહેવું પડશે.

# એલડીઆરપીના વિદ્યાર્થીઓને વ્યકિતત્વ વિકાસનો 'ગુરુ' મંત્ર અપાયો

## લાયન્સ કલબ દ્વારા આયોજિત વ્યકિતત્વ વિકાસ સેમિનારમાં નેશનલ ટ્રેનર જેસી ફિરદોસ કાપડિયાનું પ્રેરક વકતવ્ય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૫માં એલડીઆરપી કોલેજ ઓફ એન્જિનીયરીંગના ઓડિટોરિયમમાં ૫૦૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં જાણીતા નેશનલ ટ્રેનર જેસી ફિરદોસ કાપડિયાએ તેમની આગવી સરળ અને રમૂજી શૈલીમાં વિદ્યાર્થીઓને પોતે જ પોતાના ભવિષ્યના નિર્માતા બનવા વિસ્તારપૂર્વક સમજણ આપી હતી.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજિત યુવા વિકાસ અંતર્ગત વ્યકિતત્વ વિકાસ સેમિનારમાં 'ગુરુભાઈ બનો' વિષયે તેઓએ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી.

ભરચક ઓડિટોરિયમમાં વિદ્યાર્થીઓની તાળીઓના ગડગડાટ વચ્ચે જેસી ફિરદોસ કાપડિયાએ આજના સ્પર્ધાત્મક યુગમાં માનસિક બંધનોથી મુકત થઈ કંઈક અલગ રીતે વિચારવાની દૃષ્ટિ કેળવવા પર ભાર મુકયો હતો. તેમણે જીવનમાં લક્ષ્ય નિર્ધારિત કરી યોગ્ય આયોજન દ્વારા તેને પુરા કરવા કટિબધ્ધ બનવા યુવાઓને આહવાન કર્યું હતું. ફિલ્મ 'ગુરુ'ના માધ્યમથી તેમણે કરેલી રજુઆતોને વિદ્યાર્થીઓએ ભારે રસપૂર્વક સાંભળી હતી અને અનેકવાર તાળીઓના ગડગડાટથી વધાવી પણ લીધી હતી. આ પ્રસંગે લાયન્સ કલબના પ્રમુખ નિમેષ રાવલે સ્વાગત પ્રવચનમાં વિદ્યાર્થીઓને જીવનમાં ઉત્સાહનું મહત્વ સમજાવ્યું હતું.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા યુવા વિકાસ અંતર્ગત આયોજિત કરેલ વ્યકિતત્વ વિકાસ સેમિનારને સુંદર પ્રતિસાદ સાંપડયો હતો. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ દેવલબેન જોષી, લીયો પ્રમુક કથન ત્રિવેદી, લાયો-કો ચેરપર્સન વૈશાલી જોષી, આઈપીપી જયંતિભાઈ પ્રજાપતિ, ડૉ. એ.આર. પટેલ, શૈલેષભાઈ પટેલ, પદ્મસિંહ ચૌહાણ, મિતીલ રાણા, રીટાબેન સોલંકી, દક્ષા જાદવ, મીનાક્ષી જયસિંઘાની, પ્રિતિબેન શર્મા સહિત લાયન્સની ત્રણેય પાંખના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મમતાબેન રાવલ દ્વારા કરાયું હતું. કાર્યક્રમના અંતમાં એલડીઆરપી કોલેજના પ્રિન્સિપાલ આનંદભાઈએ લાયન્સના પ્રયાસને આવકારી બિરદાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમનું આયોજન લાયન્સ કલબના નેતૃત્વમાં લાયોનેસ અને લીયો પાંખે સાથે રહીને કર્યું હતું.








## વાતવાતમાં

● વરસાદમાં પલળીને આવતા ગ્રાહકોના કારણે ગંદકી ના ફેલાય તે હેતુથી સેકટર-૧૧ની મુખ્ય પોસ્ટ ઓફિસના કર્મચારીઓ માટેના ટોયલેટસ તો ઠીક પરંતુ બહાર ગ્રાહકો માટે બનાવાયેલ ટોયલેટને પણ બંધ કરી દેવાયા હતા. આ કારણે પોતાના કામકાજ માટે આવલા ગ્રાહકો ઠંડા વાતાવરણના કારણે લઘુશંકા કરવાની જરૂર પડતા બંધ ટોયલેટસને કારણે મુશ્કેલીમાં મુકાયા હતા.

● ગાંધીનગર કોબા હાઈવે પર ભાઈજીપુરા નજીક સતત વરસાદના કારણ એક વીજ પોલ નમી પડયો હતો. આ અંગે ફરિયાદ મળતા વીજ કંપનીના કર્મચારીઓ તુરંત તેને દુરસ્ત કરવા પહોંચી ગયા હતા.

● વરસાદના કારણે શહેરમાં ચોતરફ લીલોતરી છવાઈ જવા પામી છે. જેમાં મુખ્ય માર્ગોની વચ્ચેના ડિવાઈડર્સ વચ્ચે પણ લીલુછમ ઘાસ ઉગી નીકળ્યું છે. આ ઘાસને આરોગવા ચઢેલી શહેરની રખડતી ગાયો ધરાઈ ગયા પછી અચાનક વનરાજી વચ્ચેથી રોડ પર પ્રગટ થાય છે જે વાહનચાલકો માટે જોખમરૂપ બની રહી છે.

● વરસાદે જમાવટ કરતા સોશિયલ મિડીયા પર પણ વરસાદને લગતી પોસ્ટનો સીલસીલો જામી પડયો છે. મોટા ભાગની પોસ્ટમાં વર્ષાઋતુની કવિતાઓ તેમજ નાચતા મોરની તસવીરોની ભરમાર સૌથી વધુ જોવા મળી રહી છે.

### સે-૧૫, ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે મોટર ડ્રાઈવીંગ તાલીમ કોર્ષ શરૂ થશે

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૧૫ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે જુલાઈ-૨૦૧૧ થી જાન્યુઆરી-૨૦૧૪ દરમિયાન આઈ.ટી.આઈ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીના એન.સી.વી.ટી. સર્ટીફીકેટ સંસ્થા ખાતેથી સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન રૂ. ૫૦ ફી, આઈ.ડી. પ્રુફ (ઈલેકશન કાર્ડ, મોટર ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આઈડેન્ટી કાર્ડ જે પૈકી ગમે તે એક) અને પ્રોવિઝનલ સર્ટીફીકેટની નકલ સાથે ઉમેદવારે જાતે રૂબરૂમાં આવી મેળવી લેવા જણાવાયું છે.

આ ઉપરાંત સંસ્થા ખાતે ઓગષ્ટ ૨૦૧૬ થી મોટર ડ્રાઈવીંગ તાલીમનો ટુંકા ગાળાનો કોર્ષ શરુ કરવામાં આવનાર છે. જેથી મોટર ડ્રાઈવીંગ તાલીમ કોર્ષમાં જોડાવવા માંગતા હોય તેવા ઉમેદવારોએ આ સંસ્થા ખાતેથી ફોર્મ મેળવી વિગતો ભરી રજુ કરવાનો રહેશે. આ તાલીમ કોર્ષ માટે ફીનું ધોરણ જનરલ અને બક્ષીપંચના ઉમેદવારો માટે રૂ. ૫૦૦ તથા અનુ. જાતિ/અનુ. જનજાતિ તેમજ મહિલા ઉમેદવારો માટે રૂ. ૨૫૦ નિયત કરવામાં આવ્યું છે.

# વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૧૩

ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં એનએસએસના સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કરવામાંઆવ્યું. જેમાં ૧૦૦ જેટલા છોડ કોલેજના પ્રાંગણમાં રોપવામાં આવ્યા. આ વૃક્ષારોપણમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડોકટર રાજુલ ગજ્જર હાજર રહ્યા અને છોડ રોપ્યો, તેમની સાથે જ કોલેજના પ્રોફેસર્સ એ.આર. પટેલ અને પ્રોફેસર અલ્પેશ દાફડાએ પણ છોડ રોપ્યા હતા.

જીટીયુના વાઈસ ચાન્સેલર ડોકટર રાજુલ ગજ્જર કહે છે 'હવે લાંબા સમયથી સતત કપાતા વૃક્ષો એક સમસ્યા છે અને તે પરિણામે તે અમને એ જ માટે જાગૃતિ બનાવવા અત્યંત મહત્વનું લાગતા આ કાર્યક્રમ યોજાયો છે.'

એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર અલ્પેશ દાફડાએ જણાવ્યું કે અમે ચોમાસાના શરૂઆતમાં છોડ રોપી રહ્યા છીએ કે જેથી તે સારી રીતે ઉગી શકે અને એનએસએસના સ્વયંસેવકો પણ છોડવાઓને નિયમિત પાણી પીવડાવશે અને અમે છેલ્લા બે વર્ષથી આ વૃક્ષારોપણ કરી રહ્યા છીએ.

# 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી' ફિલ્મના અભિનેતાઓ આજે ગાંધીનગરમાં

## વાસણ સ્થિત બાપુ ગુજરાત નોલેજ વિલેજ કોલેજમાં ફિલ્મના પ્રમોશન માટે વિવેક ઓબેરોય, રીતેશ દેશમુખ, આફતાબ તથા હીરોઈન આવશે

ગાંધીનગર, તા.૧૩

શુક્રવારે રીલીઝ થનારી બોલીવુડ ફિલ્મ 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી'ના પ્રમોશન માટે અભિનેતા-અભિનેત્રી ગાંધીનગર નજીક સ્થિત બાપુ ગુજરાત નોલેજ વિલેજ કોલેજ ખાતે આવતી કાલે ગુરુવારે બપોરે આવનાર છે. ફિલ્મના અભિનેતા વિવેક ઓબેરોય, રીતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની અને અભિનેત્રી ઉર્વશી રોટેલા કોલેજના વિદ્યાર્થીઓ સાથે ફિલ્મ અને તેના શુટીંગ દરમિયાનના અનુભવોની વાતો કરશે.

ગાંધીનગર-માણસા હાઈવે પર સ્થિત વાસણ ગામની સીમમાં આવેલી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ખાતે આવતી કાલે ગુરુવારે બપોરે બે કલાક માટે શુક્રવારે રીલીઝ થઈ રહેલી નવી ફિલ્મ 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી'ના પ્રમોશન માટે ફિલ્મ સ્ટાર્સ આવનાર છે. વિવેક ઓબેરોય, રીતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની અને ફિલ્મની હીરોઈન ઉર્વશી રોટેલા ફિલ્મના પ્રમોશન માટે કોલેજમાં આવશે અને વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરકેશન કરી બોલીવુડ તથા ફિલ્મના શુટીંગની ખાટી મીઠી વાતો શેયર કરશે. ગાંધીનગરમાં આવી રહેલા આ અભિનેતા-અભિનેત્રીને પગલે કોલેજીયનો પણ એકસાઈટેડ છે. ટીવી સ્ક્રીન પર જ દેખાયેલા અભિનેતા-અભિનેત્રીને કોલેજના વિદ્યાર્થીઓને આવતીકાલે રૂબરૂ મળવાનો મોકો મળશે.

# અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા આગામી તા. ૧૭મી જુલાઈને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સરસપુર અમદાવાદ ખાતે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળામાં ગાંધીનગરના વણકર સમાજના યુવક યુવતિઓએ ભાગ લેવા માટે નાણા ભર્યા અંગેની પહોંચ પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બી ખાતેથી મેળવવાની રહેશે આ પહોંચના આધારે પસંદગી મેળામાં ભાગ લેનાર યુવક/યુવતીઓની વિગત દર્શાવતી પુસ્તિકા મેળવી શકાશે. આ પસંદગી મેળામાં ઈચ્છુકોને હાજર રહેવા સંસ્થાના દશરથલાલ પરમારે અનુરોધ કર્યો છે.



ધણપથી મુઠીયા વચ્ચેના કાંઝમાં વરસાદી પાણીનું પ્રમાણ વધી જતાં ચિલોડાનું તળાવ છલકાયું છે. ચિલોડા તળાવમાં ભરપુર પાણી થતાં ગ્રામજનો આનંદવિભોર બન્યા છે તેમજ નાના મોટા બાળકો પાણીમાં છબછબીયા કરી માછલી પકડવાનો આનંદ મેળવી રહ્યા છે. છાલા, ચંદ્રાલા, ધણપ, ચિલોડા વગેરેના ખેતી સીમાડાઓમાંથી પસાર થતી આ નાની નહેરમાં આજુબાજુના વિસ્તારના વરસાદી પાણીનો વહાવ રહે છે જે ચિલોડા પંથકના તળાવ સાથે ભળી વધારાનું પાણી પ્રાંતિયા, વલાદ થઈ સાબરમતી નદીમાં લે છે. ચિલોડા તળાવના પાણી ભરચક રહે તો આજુબાજુના બોર-કુવાના તળ ઉંચા આવ્યા છે અને ખેતરોમાં ખેતીલાયક ભેજ પેદા થયો છે જેથી ખેડુત વર્ગ સહિત તમામ લોકોમાં ખુશી પ્રસરી છે.

# ગાંધીનગર-ચિલોડા વચ્ચેનો માર્ગ પ્રથમ વરસાદે જ જર્જરીત

## નિમ્ન કક્ષાના કામના વરવા દૃશ્યોથી વાહનચાલકોનો ફિટકાર, પ્રજાના નાણાંનો ખુલ્લે આમ થતો દુરુપયોગ



ગાંધીનગર, તા.૧૩

ચોમાસાના થોડા સમય પહેલાં જ ઉતાવળે કામ પૂર્ણ કરવાની લ્હાયમાં બનાવાયેલો ગાંધીનગર-ચિલોડા વચ્ચેનો માર્ગ પ્રથમ વરસાદે જ તુટી ગયો છે. હલકી ગુણવત્તાના મટીરીયલ્સ અને નિમ્નકક્ષાનું કામ થયું હોય તેવા દૃશ્યો આ માર્ગ ઉપર જોવા મળી રહ્યા છે. માર્ગો ઉપર કપચી ઉખડીને વેરણ છેરણ બની વાહનચાલકોને ત્રસ્ત કરી રહી છે તેમજ નાના-મોટાં ખાડા પડી જવાથી રાત્રીએ અકસ્માતની પણ સંભાવના વધી ગઈ છે. જેથી પ્રજાના નાણાંની બરબાદીના આ કામની વિજિલન્સ તપાસ થાય તેવી લોકલાગણી ઉભી થઈ છે.

ગાંધીનગર સાથે સીધું જોડાણ કરતો ચિલોડાથી લશ્કરી દળોની કચેરી આગળથી પસાર થતો મુખ્ય માર્ગ વરસાદની પ્રથમ થપાટે જ ધોવાઈ ગયો છે. ચોમાસા પહેલાં જ બનાવાયેલા આ માર્ગમાં નિમ્ન કક્ષાની કામગીરી થઈ હોય તેવું છતું થયુ છે. છેલ્લા બે દિવસથી ખાબકેલા વરસાદે આ માર્ગને તહસ નહસ કરી નાખતા વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ફકત ડામર અને કપચી પાથરી દઈ રોડ રોલર ફેરવી કામથી સંતોષ માની લેનાર ઠેકેદાર વિરૂધ્ધ ફીટકાર વરસી રહ્યો છે.

આ માર્ગ ઉપર રાત્રીએ સ્ટ્રીટ લાઈટ ન હોવાથી અંધકાર વ્યાપે છે ત્યારે કપચી ઉખડીને પડેલા નાના-મોટા ખાડાં અકસ્માત સર્જશે તેવો ભય પણ વ્યકત થઈ રહ્યો છે. મંજુર થયેલ ગ્રાન્ટ વાપરી નાંખવાની ઉતાવળમાં રાજયના માર્ગો વરસાદના પ્રથમ તબક્કે જ તુટી ફુટી જઈ રહ્યા છે. નાણાંનો થતો દુરવ્યય નરી આંખે નિહાળી પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરથી ચિલોડા વચ્ચેના ચાર માર્ગીય આ માર્ગ ઉપર દૈનિક અસંખ્ય વાહનની અવરજવર રહે છે. આ માર્ગ ઉપરથી હિંમતનગર, દહેગામ તથા અન્ય રાજયમાં જવા આવવાની સરળતા રહે છે. વધુમાં બાંધકામ ક્ષેત્રે ઉપયોગી કપચી, રેતી વગેરેનું વહન કરતી ભાર વાહક ટ્રકો સહિત પર પ્રાંતિય ટ્રકો પણ અહીંથી પસાર થતી હોય છે ત્યારે આ માર્ગ એકદમ મજબૂત બાંધાનો બનાવવો જોઈએ જેના બદલે ફકત ડામર કપચી પાથરીને પેવર જ કરી દેવાતો હોવાની હૈયાવરાળ વાહનચાલકો ઠલવી રહ્યા છે. પ્રજાના નાણાનો થયેલ આ ખુલ્લેઆમ દુરપયોગની ઉચ્ચકક્ષાએથી વિજિલન્સ તપાસ કરી ઠેકેદારને બ્લેકલિસ્ટ કરવાની લોકલાગણી પસાર થતા વાહનચાલકોમાં ઉઠવા પામી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

### બ્રહ્મસમાજ દ્વારા કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૧૩

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૭મી જુલાઈને રવિવારના રોજ સે-૧૬, બ્રહ્મભવન ખાતે સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ હાલના વરસાદના વાતાવરણમાં અને આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીના કારણે આ કાર્યક્રમ હાલ મોકુફ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમની નવી તારીખ અને સમય હવે પછી જાણ કરવામાં આવશે. જેની બ્રહ્મસમાજના દરેક વિદ્યાર્થી અને વાલીઓએ નોંધ લેવા સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

### અવસાન નોંધ

સ્વ. ગાયત્રીબેન અનિલકુમાર ત્રિવેદી, મેઘાણીનગર, અમદાવાદનું અવસાન ગત તારીખ ૧૨-૭-૨૦૧૬ મંગળવારના રોજ થયેલ છે. સદગતનું પિયર પક્ષનું બેસણું તા. ૧૫-૭-૨૦૧૬ના શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦, સે-૨૪, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરની બાજુમાં, કબીર મંદિરની સામે, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.